જા.ક્ર.:મા-૧/૨૦૨૪/ ૯૭૪૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા. ૦૨/૦૭/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના તા. ૨૬/૦૬/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંકઃ પપમ/ખ/૩૧૨૪ની જાણ તથા અમલવારી સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

# ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન", સેક્ટર ૧૦-એ, ગાંધીનગર - 382010

☎ (079) 23222536,23222470 Fax (079) 23222654


ઈ-મેઈલ દ્વારા

નં. પપમ/ખ/ 3124

તા. 26 JUN 2024

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),

ગુજરાત રાજ્ય

**વિષય : આપના જિલ્લાની તમામ સામાન્યપ્રવાહની શાળાઓને ધોરણ-12 સમાજશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકના પેજ નં 16 પર દર્શાવેલ સુધારા મુજબ અભ્યાસ કરાવવા બાબત.....**

**સંદર્ભ : માન. નિયામકશ્રીની શાખાનોંધ પરની મળેલ તા. 25-06-24ની મંજૂરી.**

મહાશય,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ધોરણ-12 સમાજશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકમાં પ્રકરણ-2 ભારતીય સંસ્કૃતિ અને સમુદાયમાં પેજ નં 16 પર 'બૌધ્ધ સમુદાય' વિશે સુધારેલ માહિતી આમેજ કરી છે, જેની સોફ્ટ કોપી આ સાથે સામેલ છે, સાથે જ આ સુધારેલ માહિતી ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર પણ મુકેલ છે.

આપના જિલ્લાની તમામ સામાન્યપ્રવાહની **શાળાઓમાં શિક્ષકો વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સમક્ષ આ સુધારેલ પેજમાં દર્શાવેલ વિગતો મુજબ જ અભ્યાસ કરાવે તે પ્રકારની ઘટતી સુચના આપની તાબા હેઠળની શાળાઓના આચાર્યશ્રી/શિક્ષકશ્રીઓને થવા વિનંતી છે.**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક નંબર :-
તા. :- 3803
સંખ્યા :- 3804
શાખા :-

2616

નાયબ નિયામક(શૈક્ષણિક)
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

બિડાણ :

- ધોરણ-12 સમાજશાસ્ત્ર વિષયના પાઠ્યપુસ્તકના સુધારેલ માહિતીની વિગત

2616

## ધોરણ-12 સમાજશાસ્ત્ર વિષયના પાઠયપુસ્તકમાં પ્રકરણ-2 ભારતીય સંસ્કૃતિ અને સમુદાયમાં પેજ નં 16 પર 'બૌધ્ધ સમુદાય'ની સુધારેલ માહિતી

**બૌદ્ધ સમુદાય :**

તથાગત બુદ્ધનો ધર્મ (ધમ્મ-પાલી ભાષાનો શબ્દ) વૈશ્વિક છે.આજે ભારત અને ગુજરાતમાં બૌદ્ધ સમુદાયના અનુયાયીઓની સંખ્યા નોંધપાત્ર છે. સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધના જીવનની ત્રણ મહત્ત્વપૂર્ણ ઘટનાઓ જન્મ(લુમ્બિની), સંબોધિ (બોધગયા) અને મહાપરિનિર્વાણ (કુશીનગર) ખાતે બની હતી. શીલ, સમાધિ અને પ્રજ્ઞા બુદ્ધ ધર્મનો સાર છે. દુ:ખ, અનિત્ય અને અનાત્મ – એ ત્રણ તત્ત્વો બૌદ્ધ દર્શનનો આધાર છે. બુદ્ધ ધર્મ અપરિવર્તનશીલ, નિત્ય આત્માને માનતો ન હોવા છતાં કર્મ અને પુનર્જન્મમાં માને છે. બૌદ્ધોમાં જાતિવાદ કે વર્ણવાદ નથી, પરંતુ સમાનતા છે. દુ:ખમાંથી મુક્તિ અને નિર્વાણની પ્રાપ્તિ એ બુદ્ધ ધર્મનો મુખ્ય ઉદ્દેશ છે. બુદ્ધ ધર્મનો મુખ્ય ગ્રંથ ત્રિપિટક છે. બુદ્ધ ધર્મના મુખ્ય તીર્થસ્થાનો લુમ્બિની, બોધગયા, સારનાથ, કુશીનગર, શ્રાવસ્તી, રાજગૃહ, વૈશાલી, કૌસંબી અને સંકિસા છે. બુદ્ધ ધર્મમાં પ્રવજિત (દીક્ષા લીધેલ) સાધુઓ "ભિખ્ખુ" તરીકે ઓળખાય છે. બુદ્ધ ધર્મમાં બે મુખ્ય પંથો છે – હિનયાન અને મહાયાન. બુદ્ધ ધર્મની ઓળખ પંચશીલ, સદાચાર અને મૈત્રીથી થાય છે. બુદ્ધ પૂર્ણિમા તથા અષાઢી પૂર્ણિમા (ગુરુપૂર્ણિમા) બૌદ્ધો માટે પવિત્ર તહેવારો છે. બુદ્ધ ધર્મનું ઉપાસના સ્થાન "વિહાર" તરીકે ઓળખાય છે. ભારતની રાષ્ટ્રમુદ્રા ચાર સિંહની આકૃતિવાળું ધમ્મચક્ર બુદ્ધ ધર્મનું પ્રતીક છે.